NPS ખાતાધારકોને પેન્શન ફંડ અને
ઈનવેસ્ટમેન્ટ પેટર્નની પસંદગી
કરવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
પરિપત્ર ક્રમાંકઃનવય-૧૦-૨૦૨૧-ડી-૨૧૦-પી (પેન્શન સેલ)
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૧૩.૦૫.૨૦૨૪

સંદર્ભ:

(૧) નાણા વિભાગના તા.૧૫.૦૩.૨૦૨૪ના જાહેરનામા ક્રમાંક: નપય-૧૦૨૦૨૧-ડી-૧૯-પી (પેન્શનસેલ)

આમુખ :

વિભાગના સંદર્ભ હેઠળના જાહેરનામાથી ગુજરાત મુલ્કી સેવા (નવી વર્ધિત પેન્શન યોજના) નિયમો, ૨૦૨૪ના નિયમ-૨૮ માં કર્મચારીઓને પેન્શન ફંડ અને ઈનવેસ્ટમેન્ટ પેટર્ન પસંદ કરવા વિકલ્પ આપવામાં આવેલ છે. ઉકત બાબતે રાજયના તમામ કર્મચારીઓ સરળતાથી પેન્શન ફંડ અને ઈનવેસ્ટમેન્ટ પેટર્નની પસંદગી કરી શકે તે માટે વિગતવાર સુચનાઓ પ્રસિધ્ધ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પરિપત્ર :

રાજ્ય સરકારના નવી વર્ધિત પેન્શન યોજના હેઠળના કર્મચારીઓએ પેન્શન ફંડ અને ઈનવેસ્ટમેન્ટ પેટર્નની પસંદગી કરવા માટે નીચે મુજબની કાર્યપધ્ધતિ અનુસરવાની રહેશે.

(૧) પેન્શન ફંડ મેનેજર અને ઈનવેસ્ટમેન્ટ પેટર્નની પસંદગી કરવી સ્વૈચ્છિક છે. જો કોઈ કર્મચારી દ્વારા ઉકત પસંદગી આપવામા નહી આવે ત્યા સુધી નવી વર્ધિત પેન્શન યોજના હેઠળના હાલના કર્મચારીઓ અને ભવિષ્યમાં નવા જોડાનાર કર્મચારીઓ માટે બાય ડીફોલ્ટ સ્કીમ (SBI-34% UTI-32% LIC-34%) ચાલુ રહેશે.

(૨) કર્મચારીઓ પેન્શન ફંડ મેનેજર વર્ષમાં એક વખત બદલી શકશે જયારે ઈનવેસ્ટમેન્ટ પેટર્ન અંગે કર્મચારી નાણાકીય વર્ષમાં બે વખત વિકલ્પ આપી શકશે.

(૩) ગુજરાત મુલ્કી સેવા (નવી વર્ધિત પેન્શન યોજના) નિયમો, ૨૦૨૪ના નિયમ-૨૮ માં કર્મચારીઓને પેન્શન ફંડ અને ઈનવેસ્ટમેન્ટ પેટર્નની પસંદગી કરવા માટે ઉત્તરોત્તર પસંદગી કરવા માટે અનુસરવાના તબક્કાવાર પગલા નીચે મુજબ છે.

(a) સૌપ્રથમ ગુગલમાં "Cra-NSDL.com" Search કરી વેબસાઇટ પર જવુ.

(b) SUBSCRIBERનો USER ID, Password અને ENTER Captchaની વિગતો ભરીને SUBMITબટન પર ક્લિક કરવું.

(c) વેબસાઈટ ખુલ્યા બાદ Transact Onlineના મેનુમાં જઇને Changes Scheme Preference ઉપર ક્લિક કરવુ.

(d) ત્યારબાદ Investment Choice Change Requestમાં Tier Typeમાં Tier-1 સીલેક્ટ કરી Submit બટનપર ક્લિક કરવુ.

(e) ત્યારબાદ જે સ્ક્રીન ખુલે તેમા Proceed બટન પર ક્લિક કરવું.

(f) હાલમાં કાર્યરત Standard Preferenceની વિગતો દર્શાવતી નીચે મુજબની સ્ક્રીન ખુલશે જેમાં Submit બટન પર ક્લિક કરવુ.

(g) Existing Investment Choice અને New Investment Scheme Choiceવાળું પેજ ખુલશે. Existing Investment Choice Subscriberની હાલની ઈનવેસ્ટમેન્ટ પસંદગીની વિગતો દર્શાવશે. જયારે New Investment Schemeમાં Choice Scheme Preference Type માં Active Choice, Moderate Choice (LC50), Conservative Auto Choice (LC25) એવા ત્રણ વિકલ્પ આપવામાં આવેલ છે.

(h) Active Choice નો વિકલ્પ પસંદ કરી Subscriber પોતાના ૧૦૦% ફંડ Government Securities માં રોકાણ કરી શકશે. Moderate Choice (LC50) અથવા Conservative Auto Choice (LC25) વિકલ્પ પસંદ કર્યેથી Subscriber ની ઉંમર ધ્યાને લઇ, ફંડની કુલ ત્રણ ભાગ (Asset Class E, Asset Class C, Asset Class G)માં વહેંચણી થશે. જેનું વર્ષ વાઈઝ ફાળવણીનું પત્રક બિડાણમાં સામેલ છે. ઉપરોકત ત્રણ (૧) Active Choice (૨) Moderate Choice (LC50) (3) Conservative Auto Choice (LC25) પૈકી કોઈ એક સ્કીમની પસંદગી કરીને તેમા દર્શાવેલ PFM (પેન્શન ફંડ મેનેજર) Name ના પોપઅપ મેનુમાથી કોઈ એક PFM ની પસંદગી કરી નીચે Submit પર ક્લિક કરવું.

(i) ત્યારબાદ Subscriber એ જે નવા PFM અને Scheme Preference Typeની પસંદગી કરેલ છે તેની વિગતો દર્શાવતી વિન્ડો ખુલશે જેમા SEND OTP બટન પર ક્લિક કરવુ.

(j) રજીસ્ટર્ડ મોબાઇલ નંબર તથા ઇ-મેઇલ આઇ-ડી પર OTP આવશે તે OTP નાખીને SUBMIT OTP બટન પર ક્લિક કરવુ.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભાવિતા રાઠોડ)
નાયબ સચિવ
નાણા વિભાગ

નકલ રવાના:-

- માન. રાજયપાલના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર


માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
માન. નાણા મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીઓના અંગત સચિવશ્રીઓ
સચિવાલયના સર્વે વિભાગો/તમામ ખાતાના વડાઓ/તમામ કચેરીના વડાઓ

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર


એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ
એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ-૧, ૨), અમદાવાદ/રાજકોટ
Pension Fund Regulatory and Development Authority (PFRDA), New Delhi
National Securities Depository Limited (NSDL), Mumbai
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર
નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર
સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓ
તમામ તિજોરી અધિકારીઓ/તમામ પેટા તિજોરી અધિકારીઓ
પગાર અને હિસાબી અધિકારીઓ, અમદાવાદ/ગાંધીનગર
સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
સિસ્ટમ મેનેજર, નાણા વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી માટે
સિલેકટ ફાઇલ પેન્શન સેલ શાખા

- પત્ર દ્વારા


1) સૌપ્રથમ ગુગલમાં **Cra-NSDL.com** Search કરી વેબસાઇટ પર જવુ.જ્યાં નીચે મુજબની સ્કીન જોવા મળશે.





(૨) ત્યારબાદ ઉપરમુજબની સ્કીનમાં **SUBSCRIBER**નો **USER ID**, **Password**અને **ENTER Captcha**ની વિગતો ભરીને નીચે ની સ્કીન માં દર્શાવ્યા મુજબ **SUBMIT**બટન પર ક્લિક આપવુ.




(૩) ત્યારબાદ નીચે દર્શાવ્યા મુજબ Transact Onlineના મેનુમાં જઇને Changes Scheme Preference ઉપર ક્લિક કરવુ.





(૪) ક્લિક કર્યા બાદ નીચે મુજબની સ્ક્રીન દેખાશે. જેમાં Investment Choice Change Requestમાં Tier Typeમાં Tier-1 સીલેક્ટ કરી Submit બટનપર ક્લિક કરવુ.



(૫) ત્યારબાદ નીચે મુજબની સ્ક્રીન ખુલશે. જેમાં **Proceed** બટન પર ક્લિક કરવુ.




(૬) ત્યારબાદ હાલમાં કાર્યરત Standard Preference ની વિગતો દર્શાવતી નીચે મુજબની સ્ક્રીન ખુલશે. જેમાં Submit બટન પર ક્લિક કરવુ.




(૭) ત્યારબાદ Existing Investment Choiceઅને New Investment Scheme Choiceવાળું પેજ ખુલશે. જેમાં New Investment Schemeમાં Choice Scheme Preference Type

(1) Active Choice


(2) Moderate Choice (LC50)

(3) Conservative Auto Choice (LC25) એવા ત્રણ વિકલ્પ આપવામાં આવેલ છે.




i. **Active Choice:** Subscriber દ્વારા આ વિકલ્પ પસંદ કર્યેથી Subscriber નું ૧૦૦% ફંડ Government Securities માં રોકાણ થશે.

આ વિકલ્પની પંસદગી માટે Active Choice નો વિકલ્પ પંસદ કરી નીચે દર્શાવેલ PFM (પેન્શન ફંડ મેનેજર) પૈકી કોઈ એક PFM ની પંસદગી કરી નીચે Submit પર ક્લિક કરવું..



ii. **Moderate Auto choice (LC 50)**: Subscriber દ્વારા આ વિકલ્પ પસંદ કર્યેથી Subscriber ની ઉંમર ધ્યાને લઇ નીચે દર્શાવ્યા મુજબના ફંડની કુલ ત્રણ ભાગમાં વહેંચણી થશે.

| Age | Asset Class E | Asset Class C | Asset Class G |
|---|---|---|---|
| Upto 35 years | 50.00% | 30.00% | 20.00% |
| 36 | 48.00% | 29.00% | 23.00% |
| 37 | 46.00% | 28.00% | 26.00% |
| 38 | 44.00% | 27.00% | 29.00% |
| 39 | 42.00% | 26.00% | 32.00% |
| 40 | 40.00% | 25.00% | 35.00% |
| 41 | 38.00% | 24.00% | 38.00% |
| 42 | 36.00% | 23.00% | 41.00% |
| 43 | 34.00% | 22.00% | 44.00% |
| 44 | 32.00% | 21.00% | 47.00% |
| 45 | 30.00% | 20.00% | 50.00% |
| 46 | 28.00% | 19.00% | 53.00% |
| 47 | 26.00% | 18.00% | 56.00% |
| 48 | 24.00% | 17.00% | 59.00% |
| 49 | 22.00% | 16.00% | 62.00% |
| 50 | 20.00% | 15.00% | 65.00% |
| 51 | 18.00% | 14.00% | 68.00% |
| 52 | 16.00% | 13.00% | 71.00% |
| 53 | 14.00% | 12.00% | 74.00% |
| 54 | 12.00% | 11.00% | 77.00% |
| 55 and above | 10.00% | 10.00% | 80.00% |

દા.ત. જો કોઈ Subscriber 35 વર્ષ સુધીની ઉંમર ધરાવતા હોય તો આ વિકલ્પ હેઠળ નીચે મુજબ ફંડની વહેંચણી થશે.

1. Asset Class Equity: 50% (મહત્તમ)
2. Asset Class Corporation:30%
3. Asset Class Gov. Security: 20%

તે જ રીતે જો ખાતેદારની ઉંમર ૪૦ વર્ષની હોય તો આ વિકલ્પ હેઠળ નીચે મુજબ ફંડની વહેંચણી થશે.

1. Asset Class Equity: 40% (મહત્તમ)
2. Asset Class Corporation:25%
3. Asset Class Gov. Security: 35%

iii. **Conservative Auto choice (LC 25)**: જો કોઈ Subscriber 35 વર્ષ સુધીની ઉંમર ધરાવતા હોય તો આ વિકલ્પ હેઠળ નીચે મુજબ ફંડની વહેંચણી થશે.

| Age | Asset Class E | Asset Class C | Asset Class G |
|---|---|---|---|
| Upto 35 years | 25.00% | 45.00% | 30.00% |
| 36 | 24.00% | 43.00% | 33.00% |
| 37 | 23.00% | 41.00% | 36.00% |
| 38 | 22.00% | 39.00% | 39.00% |
| 39 | 21.00% | 37.00% | 42.00% |
| 40 | 20.00% | 35.00% | 45.00% |
| 41 | 19.00% | 33.00% | 48.00% |
| 42 | 18.00% | 31.00% | 51.00% |
| 43 | 17.00% | 29.00% | 54.00% |
| 44 | 16.00% | 27.00% | 57.00% |
| 45 | 15.00% | 25.00% | 60.00% |
| 46 | 14.00% | 23.00% | 63.00% |
| 47 | 13.00% | 21.00% | 66.00% |
| 48 | 12.00% | 19.00% | 69.00% |
| 49 | 11.00% | 17.00% | 72.00% |
| 50 | 10.00% | 15.00% | 75.00% |
| 51 | 9.00% | 13.00% | 78.00% |
| 52 | 8.00% | 11.00% | 81.00% |
| 53 | 7.00% | 9.00% | 84.00% |
| 54 | 6.00% | 7.00% | 87.00% |
| 55 and above | 5.00% | 5.00% | 90.00% |


દા.ત. જો કોઈ Subscriber 35 વર્ષ સુધીની ઉંમર ધરાવતા હોય તો આ વિકલ્પ હેઠળ નીચે મુજબ ફંડની વહેંચણી થશે.

1. Asset Class Equity: 25% (મહત્તમ)
2. Asset Class Corporation:45%
3. Asset Class Gov. Security: 30%


તે રીતે જો ખાતેદારની ઉંમર ૪૦ વર્ષની હોય આ વિકલ્પ હેઠળ નીચે મુજબ ફંડની વહેંચણી થશે.

1. Asset Class Equity: 20% (મહત્તમ)
2. Asset Class Corporation:35%
3. Asset Class Gov. Security: 45%


(૮) ઉક્ત મુજબ Scheme Preference તેમજ PFM (પેન્શન ફંડ મેનેજર) પસંદ કર્યા પછી SUBMIT બટન પર ક્લિક કરવુ.




(૯)SUBMIT બટન પર ક્લિક કર્યા બાદ નીચે મુજબની સ્ક્રીન ખુલશે.જેમાં SEND OTP બટન પર ક્લિક કરવુ.



(૧૦) ખાતેદારના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર તથા ઇ-મેઇલ આઇ-ડી પર આવેલ OTP નીચે સ્ક્રીન માં દર્શાવ્યા મુજબ નાખીને SUBMIT OTP બટન પર ક્લિક કરવુ.




આમ, નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ ખાતેદારના PRAN ખાતામા જમા ફંડ બાબતે “ પેન્શનના ફંડ વિકલ્પ “ અને “ રોકાણના માળખાની પસંદગી” અંગે ઉક્ત કાર્યપધ્ધતિ અનુસરવાની રહેશે.